RNI Reg. GUJGUJ/2010/44893

**સુવિચાર**

મહત્વના બનવું તે સારું છે પણ
સારા બનવું તે વધુ મહત્વનું છે...

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



**જંગલેશ્વર મેગા ડિમોલીશનમાં પોલીસતંત્રનો જડબેસલાક બંદોબસ્ત** P-4

Year-16, Issue-265 ■ DATE : 23-02-2026 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



# રાજકોટના ઇતિહાસનું સૌથી મોટુ ડિમોલિશનઃ જંગલેશ્વર મેદાન બન્યું





તસ્વીર : ગૌરવ લશ્કરી

## બુલડોઝરો ધણધણ્યાઃ આશીયાના છીનવાતા મહિલાઓનું હૈયાફાટ રૂદન : વહેલી સવારથી કાર્યવાહી શરૂઃ જેસીબી, ટ્રેક્ટર, હીટાચી, બ્રેકર, ગેસ કટર, ડમ્પર સહિતની મશીનરીના કાફલા સાથે જમાવડો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહાનગરપાલિકાના ઈતિહાસનું સૌથી મોટું મેગા ડિમોલિશન જંગલેશ્વર વિસ્તારમાં આજે શરૂ કરવામાં આવ્યું છે, જેના પર સમગ્ર ગુજરાતની નજર છે. આ કામગીરી માટે સમગ્ર જંગલેશ્વર વિસ્તારને ૭ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. દરેક ઝોનમાં વર્ગ-૧ના અધિકારી, તકનિકી સ્ટાફ, સુપરવાઈઝર તથા ફિલ્ડ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. શહેરના સુવ્યવસ્થિત વિકાસ, નદી કાંઠા વિસ્તારને ગેરકાયદેસર દબાણોથી મુક્ત કરવાનો હેતુ અને ભવિષ્યમાં પૂર જેવી પરિસ્થિતિઓથી બચાવ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની વિશાળ કામગીરીનો ધમધમાટ ચાલી રહયો છે.

સંબંધિત રહેવાસીઓને અગાઉથી નોટિસ આપી, સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવા સમયમર્યાદા આપવામાં આવી, એસ્ટેટ, ટાઉન પ્લાનિંગ, એન્જિનિયરિંગ, લાઈટ, પાણી પુરવઠા તથા પોલીસ વિભાગ સાથે સંકલન, જરૂરી મશીનરી, માનવબળ અને વાહનોની વ્યવસ્થા, આ સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને કાયદેસર રીતે અમલમાં મુકાઈ છે.



આ ઓપરેશનમાં ૬૪થી વધુ , ૯૦ ટ્રેક્ટર, ૭ હિટાચી, ૫૦ બ્રેકર, ૪૨ ગેસ કટર અને ૧૪ ડમ્પર સહિત ૨૬૦થી વધુ મશીનો સાથે મનપાએ માઈક્રો પ્લાનિંગ કર્યું છે.

સુરક્ષાના ભાગરૂપે ૨૫૦૦થી વધુ પોલીસ જવાનો અને અર્ધલશ્કરી દળો તૈનાત કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૧૦૨૬ મકાનો લોકોએ જાતે જ ખાલી કરી દીધા છે, જ્યારે બાકીની કામગીરી પર ૨૫ ડ્રોન કેમેરા અને ૩૦ વોકીટોકી સેટ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી હતી. કે તેઓ સ્વૈચ્છિક રીતે ગેરકાયદેસર દબાણો દૂર કરે. કોઈ નાગરિક સ્વૈચ્છિક રીતે પોતાનું દબાણ દૂર કરવા ઈચ્છે, તો મનપા દ્વારા શકય હોય ત્યાં જરૂરી સાધન-સામગ્રી અને તકનીકી સહયોગ આપવામાં આવ્યો હતો. નાનું મશીનરી સાધન ઉપલબ્ધ કરાવવામાં સહાય, મલબા ઉઠાવવાની વ્યવસ્થા, માર્ગદર્શન માટે અધિકારીઓની હાજરી, સુરક્ષિત રીતે રચનાઓ દૂર કરવા તકનીકી માર્ગદર્શન, આ સહયોગનો હેતુ નાગરિકોને સરળતા રહે અને કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે હતો. કાર્યવાહી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. મનપાના વરિષ્ઠ અધિકારીઓ સ્થળ પર હાજર રહી સતત મોનીટરીંગ કરી રહ્યા છે. દરેક તબક્કે કામગીરી સુવ્યવસ્થિત અને કાયદેસર રીતે પૂર્ણ થાય તે સુનિતિ કરવામાં આવશે. મેગા ડિમોલિશન માટે મહાનગરપાલિકા દ્વારા વિશેષ કંટ્રોલરૂમ સ્થાપિત કરવામાં આવ્યો છે, જ્યાંથી મનપા કમિશનર તુષાર સુમેરા સમગ્ર કામગીરીનું સતત મોનિટરિંગ કરી રહ્યા છે. સવારે ૭ વાગ્યાથી શેઠ હાઈસ્કૂલ ખાતેથી વિવિધ ટીમો રવાના કરવામાં આવી હતી. આ ઓપરેશનમાં ૧૧૩૦થી વધુ સ્ટાફ તહેનાત છે અને શહેરના તમામ આઈ.એ.એસ. તથા આઈ.પી.એસ સીધી દેખરેખ રાખી રહ્યા છે. આ કામગીરીથી નદીના કુદરતી વહેણમાં અવરોધ દૂર થશે, વરસાદી મોસમમાં પાણી ભરાવાની સમસ્યા ઘટશે, ટી.પી. રોડ પર ટ્રાફિક વ્યવસ્થા સુધરશે, ભવિષ્યના વિકાસ પ્રોજેક્ટ માટે માર્ગ મોકળો થશે, નદી કાંઠા વિસ્તારને સુવ્યવસ્થિત રૂપ આપવામાં સહાય મળશે.

શહેરના સુવ્યવસ્થિત વિકાસ, નદી કાંઠા વિસ્તારને ગેરકાયદેસર દબાણોથી મુક્ત કરવાનો હેતુ અને ભવિષ્યમાં પૂર જેવી પરિસ્થિતિઓથી બચાવ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની વિશાળ કામગીરી આજથી શરૂ કરવા માટે સંપૂર્ણ તૈયારી કરવામાં આવી છે. કામગીરીનો વ્યાપ - વિસ્તાર અને આંકડાકીય વિગતો જોઈએ તો આજી નદી પટ્ટા વિસ્તારમાં આશરે ૫૫,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ગેરકાયદેસર દબાણ છે. જેથી કુલ ૯૯૨ મકાનો દૂર કરવાની કામગીરી કરાશે. જયારે ટી.પી. રોડ વિસ્તારમાં આશરે ૩૨,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ગેરકાયદેસર દબાણ છે. જેના ઉપરના કુલ ૪૯૭ મકાનો/રચનાઓ દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. આમ કુલ મળીને આશરે ૮૭,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં આવેલી ૧૪૮૯ જેટલી રચનાઓ તબક્કાવાર દૂર કરવામાં આવશે.

# દિલ્હી વિધાનસભા ભવન અને લાલ કિલ્લાને બોમ્બ બ્લાસ્ટમાં ઉડાવી દેવાની ધમકી

### ખાલિસ્તાની ગ્રુપ દ્વારા ધમકીનો ઈ-મેલ મળતા અફરાતફરી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી વિધાનસભા ભવન અને લાલ કિલ્લાને બોમ્બ બ્લાસ્ટમાં ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. સોમવારે ખાલિસ્તાની ગ્રુપ દ્વારા ધમકીનો ઈ-મેલ મોકલવામાં આવ્યો છે.

માહિતી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ, વિધાનસભા ભવનની તપાસ કરવામાં આવી રહી છે. બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ તપાસમાં લાગી છે. હાલમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

તે જ સમયે, લાલ કિલ્લાની સુરક્ષા પણ વધારવામાં આવી છે. આ પહેલા દિલ્હી સ્થિત ધૌલા કુંઆના આર્મી પબ્લિક સ્કૂલ અને લોધી રોડના એરફોર્સ બાલ ભારતી સ્કૂલને ઈમેલ દ્વારા ધમકી આપવામાં આવી હતી. માહિતી મળતા જ દિલ્હી પોલીસ, બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ અને દિલ્હી ફાયર સર્વિસની ટીમો સ્કૂલ પહોંચી. આખો કેમ્પસ ખાલી કરાવવામાં આવ્યો. જોકે, તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગર જિલ્લામાં પશુઓને ખરવા-મોવાસા રોગ સામે રક્ષણ આપવા રસીકરણ

## જિલ્લાના ૨.૬૮ લાખ ગાય-ભેંસ વર્ગના પશુઓનું કરાશે વિનામૂલ્યે રસીકરણ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જામનગર જિલ્લામાં પશુપાલન ખાતા દ્વારા ગાય અને ભેંસ વર્ગના પશુઓમાં જોવા મળતા અત્યંત ચેપી એવા ખરવા-મોવાસા Foot and Mouth Disease રોગને નાથવા માટે રસીકરણના આઠમા રાઉન્ડનું આયોજન કરવામાં આવ્યું છે. પશુપાલન શાખા, જામનગર મહાનગરપાલિકા અને દૂધ સંઘના સંયુક્ત ઉપક્રમે આ અભિયાન આગામી.ખરવા-મોવાસા એ પશુઓમાં દૂધ ઉત્પાદન અને વજનમાં ઘટાડો કરતો અત્યંત નુકસાનકારક રોગ છે. પશુઓમાં તીવ્ર તાવ, મોં અને પગની ખરીઓ વચ્ચે ચાંદા પડવા તેમજ લાળ પડવી જેવા લક્ષણો જોવા મળે છે. આ ગંભીર રોગથી પશુધનને બચાવવા માટે વર્ષમાં બે વખત વિનામૂલ્યે રસીકરણ કરવામાં આવે છે. આ રાઉન્ડ દરમિયાન જામનગર જિલ્લાના તમામ ગામોમાં જઈને અંદાજે ૨,૬૮,૦૦૦ પશુઓને રસીથી સુરક્ષિત કરવામાં આવશે.

રસીકરણની સાથે પશુપાલકોએ પોતાના બાકી રહેલા પશુઓના કાને યુનિક આઈડી' માટે ટેગિંગ કરાવવું ફરજિયાત રહેશે. રસીકરણની વિગતો એન.ડી.એલ.એમ. NDLM. પોર્ટલ પર ઓનલાઈન નોંધવા માટે પશુપાલકોએ અધિકૃત કર્મચારીઓને આધાર કાર્ડ નંબર અને મોબાઈલ પર આવતા ઓ.ટી.પી.ની જાણકારી આપવાની રહેશે. જોકે, સાવચેતીના ભાગરૂપે પશુપાલકોને અન્ય કોઈ શંકાસ્પદ વ્યક્તિ કે ફોન પર ઓ.ટી.પી. ન આપવા પણ નાયબ પશુપાલન નિયામક દ્વારા અપીલ કરવામાં આવી છે.જામનગર જિલ્લાના પશુપાલકોને તેમના બહુમૂલ્ય પશુધનની સુરક્ષા માટે આ ઝુંબેશનો મહત્તમ લાભ લેવા અને વધુ માહિતી માટે નજીકના પશુ દવાખાનાનો સંપર્ક કરવા જણાવાયું છે.પશુઓમાં રોગચાળો અટકાવવા અને આર્થિક નુકસાનથી બચવા માટે સમયસરનું રસીકરણ એ જ સૌથી અસરકારક ઉપાય છે.

# ઉના ગીર ગઢડા નવયુવક એજ્યુકેશન ચેરિટીબલ ટ્રસ્ટ દ્વારા કોળી સમાજનો સમૂહલગ્નોત્સવ યોજાયો

## ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને ભવ્ય સમૂહ લગ્નનું આયોજન

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના ગીર ગઢડા શ્રી નવયુવક એજ્યુકેશન દ્વારા કોળી સમાજનો ભવ્ય સમુહ લગ્ન યોજવામાં આવ્યો આ સમૂહ લગ્નમાં નામી અનામી રાજકીય હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા આસમૂહ લગ્ન યોજાતા ૪૦ દંપતિઓએ પ્રભુતાના પગલા પડ્યા જેમાં મુખ્ય દાતા અને કરતા હરતા ઉનાના લોકપ્રિય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના રાજસ્થાની આ ભવ્ય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું આ આયોજનમાં દીકરીઓને આશીર્વાદ આપવા જેમાં સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા પૂર્વ સાંસદ દીનુબોઘા સોલંકી નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન ડાયાભાઈ ઝાલોદરા વિજયભાઈ રાઠોડ રવિભાઈ રાઠોડ તાલુકા પૂર્વ પ્રમુખ ભાજપા સામતભાઈ ચારણીયા સહિતના મહાનુભવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ સમૂહ લગ્ન ઉત્સવમાં કોળી સમાજના વિવિધ આગેવાનો મુરબ્બીઓ મોટી સંખ્યામાં હાજર રહી અને દંપતિઓને આશીર્વાદ આપ્યા હતા અને આ સમુહ લગ્નનું આયોજન પૂર્ણ કરવામાં આવ્યું હતું

# સિક્કામાંથી ૨.૬ કરોડની માછલીની ઉલટી સાથે એક શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ૨.૬૬ કિલોગ્રામ વ્હેલ માછલીની ઉલટી (એમ્બરગ્રીસ) સાથે ઈમરાન દાઉદભાઈ ભાયાણીને ઝડપી પાડયો હતો.દરિયાઈ પટ્ટી પર પ્રતિબંધિત વન્યજીવ સામગ્રીની હેરાફેરી અટકાવવા માટે પોલીસ દ્વારા હાથ ધરાયેલી ઝુંબેશમાં જામનગર (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ)ને મોટી સફળતા મળી છે. સિક્કા ગામના નાઝ સિનેમા વિસ્તારમાંથી પોલીસે વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ)ના જથ્થો ઝડપ્યો છે. તરતું સોનું કહેવાતું એમ્બરગ્રીસ ઈમરાન દાઉદ ભાયાના ઘરના રસોડામાં રખાયું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જથ્થાની કિંમત અંદાજે ૨.૦૬ કરોડથી વધુ આંકવામાં આવી છે. પોલીસે ઈમરાનની ધરપકડ કરી છે.જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા દરિયાઈ વિસ્તારમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા મળેલી સૂચનાના આધારે ની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન સ્ટાફના બળભદ્રસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા અને મયુરરાજસિંહ જાડેજાને ચોક્કસ બાતમી મળી હતી કે, સિક્કા ગામમાં ઈમામ ચોક પાસે રહેતો ઈમરાન દાઉદ ભાયા પોતાના રહેણાંક મકાનમાં એમ્બરગ્રીસનો જથ્થો વેચાણ માટે રાખ્યો છે.ના પી.આઈ. બી.એન. ચૌધરી અને પી.એસ.આઈ. એલ.એમ. ઝેર તથા એ.વી. ખેરના માર્ગદર્શન હેઠળ પોલીસે બાતમીવાળા સ્થળે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન આરોપી ઈમરાન દાઉદ ભાયા (ઉંમર ૩૭ વર્ષ) ના ઘરના રસોડામાંથી શંકાસ્પદ એમ્બરગ્રીસના ટુકડાઓ મળી આવ્યા હતા.પોલીસે કરોડોની કિંમતનો આ જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલ પદાર્થ ખરેખર એંબરગ્રીસ છે કે કેમ તેની ખાતરી કરવા માટે નમૂનાઓને (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) ખાતે પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. આ ગેરકાયદેસર નેટવર્ક પાછળ અન્ય કોઈ મોટા માથાઓ સામેલ છે કે કેમ તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

# મોરબીના જેતપર-રાપર રોડ પર કાર તળાવમાં ખાબકી, મહેન્દ્રનગરના બે યુવાનોના કરુણ મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના જેતપર-રાપર રોડ પર કાર તળાવમાં ખાબકતા સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં મહેન્દ્રનગરના નિલેશભાઈ કાનાણી અને ભીખાભાઈ તલસાણીયાના મોત નિપજ્યા છે. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

મોરબી તાલુકાના રાપર-જેતપર રોડ ઉપર રાપર ગામની સીમમાં ગઈકાલ તા.૨૨/૦૨ના રોજ એક ગોઝારી અકસ્માતની દુર્ઘટના બની હતી. જેમાં મહેન્દ્રનગરના નિલેશભાઈ પ્રાણજીવનભાઈ કાનાણી ઉવ.૩૪ અને ભીખાભાઈ નીતિનભાઈ તલસાણીયા ઉવ.૩૦ વાળા ફોરવ્હીલ કારમાં જઈ રહ્યા હતા, ત્યારે કોઈ કારણોસર કાર પાણી ભરેલી તળાવડીમાં ખાબકી ગઈ હતી. વાહન સહિત પાણીમાં ડૂબી જતા બંને યુવાનોના દુખદ મોત નિપજ્યા હતા. બંને આશાસ્પદ યુવાનોના મોત નિપજતા પરિવાર ઉપર આભ ફાટી પડ્યું છે. ત્યારે નાના એવા ગામમાં ભારે શોક છવાઈ ગયો હતો. બનાવ બાદ બંને યુવકોના મૃતદેહ સી.એચ.સી. જેતપર ખાતે લાવતા તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોત નોંધી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# ઉનાના નવાબંદર નાલીયા માંડવી ગામે ટ્રેક્ટર મારફતે રેતી ચોરી કરતા ઈસમો ઉપર કાર્યવાહી

## પ્રશાસનની કડક કાર્યવાહી બદલ પ્રશંસા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના તાલુકાના નવાબંદર નાલીયા માંડવી વિસ્તારમા બેફામ દરિયાઈ રેતી ચોરી કરતા ઈસમો રાત્રિ દરમિયાન નજરે પડે છે દરિયાઈ રેતીના ભાવ ખૂબ સારા હોય જેને કારણે ખનીજ માફીઆઓ રેતી ચોરી કરી અને બારોબાર વેચી મારતા હોય છે

જોકે રેતીની લીજ સમગ્ર ઉનામાં ક્યાંય છે જ નહીં તો પણ આ રેતી ચોરી કરતા નજરે પડે છે પ્રશાસનને એ ગુપ્ત રીતે માહિતી મળે છે દરિયાઈ વિસ્તારમાંથી રેતી ચોરી થઈ રહી છે જેને ધ્યાને લઈ પ્રશાસન દ્વારા રેતી ભરેલા ટેક્ટરોને ઝડપી પાડી અને તેના પર કાયદેસરની કાર્યવાહી કરી છે

# ઉના વેરાવળ હાઈવે પાસે સમારકામ થઈ રહેલા રસ્તા પર ડમ્પર ચાલી જતા નુકસાન

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**




ઉના વેરાવળ રોડ પાસે અચાનક રાત્રી દરમિયાન એકદમ ડમફરે રોડનું કામ ચાલુ હોય ત્યાં ચડાવી દેતા નુકસાન થવા પામ્યું છે ત્યારે આવા ડમ્પરો અનેકવાર નીકળતા હોય જેને લઈને ક્યાંક ને ક્યાંક લોકોમાં પણ ભયનો માહોલ સર્જાતો હોય છે ત્યારે આજે મોડી રાત્રે ડમ્પર આવી જડતા સ્થાનિક રહીશો બહાર નીકળી ગયા હતા વીર કોમ્પલેસ ની બાજુમાં આ રોડનું કામ ચાલુ હોય અને આ બનાવ બન્યો હતો પણ કોઈ જાનહાની નહીં અને ડમ્પર ચાલે કે રવીશ મારી અને મૂળ જગ્યાએ લઈ અને ડમ્પર ચાલક ત્યાંથી ચાલ્યો ગયો હતો લોકોની માંગ એવી છે કે જ્યાં કામ ચાલુ હોય ત્યાં એક બોર્ડ લગાવવું જરૂરી છે જેથી આવા ડમ્પરો અહીં ન આવે તે લોકો દ્વારા આ બાબતનું સૂચન કરવામાં આવ્યું હતું

# ગુયાનાના ઉપરાષ્ટ્રપતિ ડૉ. ભરત જગદેવનું જામનગર એરપોર્ટ પર ઉષ્માસભર સ્વાગત કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

ગુયાના સહકારી ગણરાજ્યના ઉપરાષ્ટ્રપતિ ડૉ. ભરત જગદેવનું જામનગર એરપોર્ટ પર આગમન થતા મહાનુભાવો દ્વારા તેમનું ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું.તેમના સ્વાગતમાં મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, જિલ્લા કલેક્ટરશ્રી કેતન ઠક્કર, જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈની વગેરે ઉપસ્થિત રહ્યા હતા.ઉલ્લેખનીય છે કે, તેઓ સવારે અયોધ્યા રામ મંદિર ખાતે દર્શન કરી વનતારાની મુલાકાત માટે જામનગર પહોચ્યા છે.

# જામનગર તાલુકાનું લાખાબાવળ ગામ કોલેરા રોગગ્રસ્ત જાહેર કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર તાલુકાના લાખાબાવળ ગામમાંથી કોલેરાનો પોઝિટિવ કેસ નોંધાયેલ છે. જેનો ફેલાવો અટકાવવા માટે તથા આ વિસ્તારને કોલેરા રોગગ્રસ્ત અને તેની આજુબાજુનો ૨ કિ.મી.નો વિસ્તાર કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કરાયો હોવાનું જાહેરનામું જામનગર જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.જાહેરનામા મુજબ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત અન્વયે જામનગર તાલુકાના લાખાબાવળ ગામમાંથી કોલેરાનો પ્રોઝિટીવ કેસ નોંધાયેલ હોવાથી કોલેરા રોગનો ફેલાવો થતો અટકાવવા માટે અને તાત્કાલિક પગલા લેવા માટે એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ની કલમ ૩ અન્વયે લાખાબાવળ ગામને કોલેરા રોગગ્રસ્ત વિસ્તાર તરીકે અને તેની આસપાસના ૨ કી.મી.ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

આ વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી, જામનગરને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિયુક્તિ કરી નિયંત્રણ હેઠળની તમામ સત્તાઓ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા એનાયત કરવામાં આવી છે.

# કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર શ્રી કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્યશ્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા રજૂ કરાયેલા લોકપ્રશ્નો અને રજૂઆતોને ધ્યાને લઈ કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીઓને આયોજનબદ્ધ કામગીરી કરવા સૂચના આપી હતી.

બેઠકમાં ધારાસભ્યશ્રીના અગાઉના પડતર પ્રશ્નો અંગે સમીક્ષા ઉપરાંત વિવિધ વિભાગોને લગતા નવા પ્રશ્નો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ધ્રોલ તાલુકાના વિસ્તારોમાં સીસી રોડ અને ગટરની સુવિધા, અલિયા રેલવે સ્ટેશનની સામેના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ બાબતે વ્યવસ્થા કરવા, હર્ષદપુર ગામથી સ્ટેટ હાઈવે સુધીનો રસ્તો ડબલિંગ કરવા, ગોચરની જમીન અંગેનો પ્રશ્ન, વાણિયાગામ અને ચંદ્રાગા ગામે જમીન માપણી અંગેની રજૂઆત, રોડ રસ્તા રિપેરિંગના કામો, વીજલાઈન ખસેડવા અંગે, નવું વીજકનેક્શન આપવા અંગે, નવી સોસાયટીઓમાં

પીવાના પાણીની સુવિધા, પીવાના પાણીની પાઈપલાઈન રિપેર કરવા બાબતે, તેમજ એસટી વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, આઈસીડીએસ વિભાગ, જાહેર આરોગ્ય અને બાંધકામ વિભાગ, ખાણ અને ખનિજ વિભાગને લગત પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. તથા ધારાસભ્ય સમક્ષ આવેલ લોકોની રજૂઆતોને પ્રાથમિકતા આપી સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવા કલેક્ટરશ લગત વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા.કલેક્ટરએ લગત વિભાગના અધિકારીઓને જિલ્લામાં આવેલા જર્જરિત પુલો અને રસ્તાઓનો સર્વે કરી માહિતી તૈયાર કરવા પણ સૂચના આપી હતી. આ

ઉપરાંત સંકલન સમિતિના વિવિધ મુદ્દાઓ જેમાં કચેરીઓના પત્રવ્યવહાર, પેન્શન કેસો વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરવામા આવી હતી.આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર.શારદા કાથડ, નાયબ મ્યુનિસિપલ કમિશનર ઝાલા, વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં કમલમ કાર્યાલય ખાતે ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોનો સન્માન સમારોહ યોજાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત હોદ્દેદારોના સન્માન સાથે જીલ્લા કમલમ કાર્યાલયનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. ટંકારાના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાએ કાર્યકર્તાઓને સંબોધતા નવા કાર્યાલયને સંગઠન માટે મંદિર સમાન ગણાવ્યું અને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મજબૂત જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મોરબી જીલ્લામાં ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત હોદ્દેદારોનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. સાથે સાથે મોરબી જીલ્લા ભાજપના નવા કમલમ કાર્યાલયનો વિધિવત પ્રારંભ પણ કરવામાં આવ્યો હતો. જીલ્લા ભરમાંથી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સંબોધતા દુર્લભજીભાઈ દેથરીયાએ જણાવ્યું હતું કે, મોરબી જીલ્લા ભાજપના તમામ નવનિયુક્ત હોદ્દેદારોનું સન્માન કરીને તેમને સંગઠનાત્મક કાર્ય માટે પ્રેરિત કરવામાં આવ્યા છે. તેમણે નવનિર્મિત કમલમ કાર્યાલય અંગે જણાવ્યું હતું કે, આ કાર્યાલય કાર્યકર્તાઓ માટે માત્ર ઓફિસ નહીં પરંતુ એક મંદિર સમાન બની રહેશે. અહીંથી સંગઠનનું મજબૂત ઘડતર થશે અને કાર્યકર્તાઓને માર્ગદર્શન, તાલીમ અને સંકલન માટે એક સ્થાયી કેન્દ્ર મળશે.

આગામી સમયમાં આવનારી તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીઓ અંગે તેમણે પ્રબળ આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, તમામ કાર્યકર્તાઓ એકજુટ થઈને કાર્ય કરશે અને ભાજપને મજબૂત પરિણામ અપાવશે તેવો પૂરેપૂરો વિશ્વાસ છે. સારા અને સમર્પિત કાર્યકર્તાઓને આવકારવાનો આ કાર્યક્રમ એક અનોખો ઉત્સવ બની રહ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રદેશ સહ-કોસાધ્યક્ષ મોહનભાઈ કુંડારિયા, જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયા, પ્રકાશભાઈ વરમોરા, જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘી, મહિલા મોરચા અગ્રણી દીપિકાબેન સરડવા, પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા, જીલ્લા પંચાયત ચેરમેન અજય લોરીયા, પ્રદીપભાઈ વાળા, રણછોડભાઈ દલવાડી, મગનભાઈ વડાવીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મહાનગરપાલિકામાં લોકોનું શાસન સ્થાપવા રાજકોટ નાગરિક પરિષદ મેદાને

## આગામી ૮ માર્ચે રાજકોટમાં યોજાશે વિશેષ ચિંતન સભા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રાજકારણમાં આગામી દિવસોમાં મોટા ઉલટફેરના સંકેતો મળી રહ્યા છે. ગુજરાત નાગરિક પરિષદના અધ્યક્ષ શ્રી વાસુદેવ પટેલની તાજેતરની રાજકોટ મુલાકાત બાદ શહેરના જાહેર જીવનમાં એક નવા વળાંકની શરૂઆત થઈ છે. રાજકોટમાં પ્રસ્થાપિત રાજકીય પક્ષોના વિકલ્પ તરીકે અને જનતાના સાચા અવાજને વાચા આપવા માટે રાજકોટ નાગરિક પરિષદની રચના કરવાની હિલચાલ તેજ બની છે.

પોતાના પ્રવાસ દરમિયાન વાસુદેવ પટેલે રાજકોટના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, શિક્ષણવિદો, ડૉક્ટરો, વકીલો અને સામાજિક કાર્યકરો સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી. આ બેઠકોનો મુખ્ય સૂર એ હતો કે વર્તમાન રાજકીય વ્યવસ્થામાં સામાન્ય નાગરિકનો અવાજ ક્યાંક દબાઈ રહ્યો છે, ત્યારે નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે બિનરાજકીય છતાં મજબૂત સંગઠનની જરૂર છે. સૌથી મહત્વની બાબત એ છે કે રાજકોટના અનેક પ્રતિષ્ઠિત રાજકીય અને સામાજિક આગેવાનો પ્રસ્થાપિત રાજકીય પક્ષોની કાર્યપદ્ધતિથી નારાજ થઈને હવે રાજકોટ નાગરિક પરિષદમાં જોડાવા માટે તત્પરતા દર્શાવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં અનેક જાણીતા ચહેરાઓ પક્ષવાદથી ઉપર ઉઠીને આ નાગરિક અભિયાનમાં સત્તાવાર રીતે જોડાશે.

# ગાંધી ચોક ખાતે મોરબી મહાનગરપાલિકાની મુખ્ય ઓફિસનું કામ પ્રગતિ હેઠળ

**મુખ્ય સમાચાર, મોરબી**




મોરબી મહાનગરપાલિકાની ગાંધી ચોક સ્થિત મુખ્ય કચેરીના નવનિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી છે. ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા અંદાજિત રૂ.૪.૪૨ કરોડના ખર્ચે વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે. ત્યારે આધુનિક સુવિધાઓ સાથેનું નવું કાર્યાલય નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો લક્ષ્ય આપવામાં આવ્યો છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા મોરબી નગરપાલિકા અને આસપાસની ૯ ગ્રામ પંચાયતોને ભેળવી તા. ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મોરબી મહાનગરપાલિકાની રચના કરવામાં આવી હતી. ત્યારબાદ ગાંધી ચોક ખાતે આવેલ મુખ્ય ઓફિસ બિલ્ડિંગની કામગીરી પૂર્ણ કરવા માટે વહીવટી અને ટેકનિકલ તબક્કાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તે અનુસંધાને હાલ ગાંધી ચોક સ્થિત મુખ્ય કાર્યાલયનું નિર્માણ કામ પ્રગતિ હેઠળ છે. સમગ્ર પ્રોજેક્ટ માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા રૂ.૪.૪૨ કરોડના અંદાજિત ખર્ચ સાથે વર્ક ઓર્ડર મંજૂર કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાની બિલ્ડીંગ શાખાના નાયબ ઇજનેરની મોનિટરિંગ હેઠળ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે અને ગુણવત્તા સાથે સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

નિર્માણાધિન નવા કાર્યાલયમાં અંદાજિત ૩૦ જેટલા વિભાગોને સમાવી શકાય તેવી સુવ્યવસ્થિત ગોઠવણ કરવામાં આવશે. ઉપરાંત અધિકારીઓ માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે બેઠક વ્યવસ્થા, મીટીંગ હોલ, સ્ટેન્ડિંગ હોલ તેમજ પદાધિકારીઓ માટે અલગ-અલગ ચેમ્બર સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થશે. મોરબી શહેરના નાગરિકોને એક જ સ્થળે તમામ નાગરિક સેવાઓ સુલભ અને સુવિધાસભર માહોલમાં મળી રહે તે હેતુસર આ કાર્ય ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. પૂર્ણ થયા બાદ ગાંધી ચોક ખાતે મોરબી મહાનગરપાલિકાનું સંપૂર્ણ આધુનિક અને સુવિધાયુક્ત નવું કાર્યાલય નગરજનોને સમર્પિત કરવામાં આવશે.

# વાંકાનેરમાં ટી-૨૦ મેચ પર રનફેરનો જુગાર રમતા એક ઝડપાયો, સોદો લખનાર ફરાર

વાંકાનેરમાં મહાવીર સોસાયટી વિસ્તારમાં મોબાઈલમાં વાતચીત કરી, ૨૦-૨૦ વર્લ્ડ કપની મેચ પર રનફેરનો જુગાર રમતા એકને પોલીસે ઝડપી લીધો છે, જ્યારે મોબાઈલમાં સોદા લખનાર અન્ય એક આરોપી નામ ખુલતા તે આરોપીને પોલીસે ફરાર દર્શાવી પોલીસે રોકડ તથા મોબાઇલ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. વાંકાનેરના મહાવીર સોસાયટી, જલારામ જીન નજીક મોબાઇલ ફોન દ્વારા ટી-૨૦ વર્લ્ડ કપમાં ઇંગ્લેન્ડ અને શ્રીલંકા ક્રિકેટ ટીમ વચ્ચે ચાલતી મેચ પર હારજીત અને રનફેર ઉપર રૂપિયા લગાવી જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન આરોપી જાહિદભાઈ ઇસ્માઇલભાઈ સીડા ઉવ.૪૦ રહે. ભાટીયા સોસાયટી, વાંકાનેર વાળાને રોકડ રૂ.૨,૮૦૦/- તથા મોબાઇલ કિ.રૂ.૫,૦૦૦/- સહિત રૂ.૭,૮૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયો હતો. પકડાયેલ આરોપીની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે તે મોબાઇલ મારફતે આરોપી સલીમ રહે.વાંકાનેર વાળાને સોદા લખાવી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરતા હતા. હાલ પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રફાળેશ્વરમાં લેબર કોલોનીમાં ગળેફાંસો ખાઈ લેતા મજૂરનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના રફાળેશ્વર સ્થિત નળીયાના કારખાનાની લેબર કોલોનીમાં શ્રમિકે કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. ત્યારે બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી છે. મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં જાહેર કરનાર કાનાભાઈ દેવાભાઈ ઘુમડા રહે. હાલ પ્રજાપતિ નળીયાના કારખાનાની કોલોની વાળા દ્વારા જાણ કરવામાં આવી હતી કે તેમના નાના ભાઈ ધનજીભાઈ દેવાભાઈ ઘુમડા રહે. કૈલાશ નળીયા કારખાનાની લેબર કોલોની રફાળેશ્વર ખાતે પોતાના રૂમમાં ગળેફાંસો ખાઈ મોતને ભેટ્યા હતા. આ ઘટનાની જાણ થતાં પોલીસે અ.મોતની નોંધ કરી ઇન્કવેસ્ટ પંચનામા સહિતની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# લગ્નના દબાણ વચ્ચે અભ્યાસની જીદ કરતી યુવતીની વ્હારે પહોંચી અભયમ ટીમ

## યુવતીને 'સખી વન સ્ટોપ સેન્ટર' ખાતે સુરક્ષિત આશ્રય અપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં મહિલાઓની સુરક્ષા અને તેમના સર્વાંગી વિકાસ માટે કાર્યરત ગુજરાત સરકારની '૧૮૧ અભયમ્? મહિલા હેલ્પલાઈન' ફરી એકવાર પીડિત યુવતી માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. રાજકોટમાં અભ્યાસ કરી આત્મનિર્ભર બનવા માંગતી યુવતીને તેના જ પરિવાર દ્વારા અભ્યાસ છોડાવી લગ્ન માટે કરવામાં આવતા માનસિક ત્રાસ સામે અભયમ્? ટીમે સમયસર રક્ષણ પૂરું પાડ્યું છે.

રાજકોટમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર એક ૨૦ વર્ષીય યુવતીનો કોલ આવ્યો હતો, જેમાં તેણે આક્ષેપ કર્યો હતો કે માતા-પિતા આગળ અભ્યાસ કરવા દેવા માંગતા નથી અને લગ્ન કરાવવા માટે દબાણ કરી રહ્યા છે. ઘટનાની ગંભીરતાને સમજીને



અભયમ્ ટીમ તત્કાલ યુવતીના ઘરે પહોંચી હતી, જ્યાં યુવતી રડતી અને ગભરાયેલી હાલતમાં મળી આવી હતી.

કાઉન્સેલિંગ દરમિયાન યુવતીએ જણાવ્યું કે તે ત્રણ બહેનોમાં સૌથી મોટી છે. માતા-પિતા અન્ય બે નાની બહેનોને અભ્યાસ કરાવે છે, પરંતુ મોટી દીકરી હોવાને કારણે તેની પાસે માત્ર ઘરકામ કરાવવામાં આવે છે અને તેને વાંચવા માટે સમય આપવામાં આવતો નથી. યુવતીએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે તે પાર્લરનું કામ શીખીને આત્મનિર્ભર બનવા માંગે છે, પરંતુ તેના પિતાએ માનસિક ત્રાસ આપીને કોર્સ કરવાની મનાઈ કરી છે.

અભયમ્ ટીમ દ્વારા જ્યારે યુવતીના પિતાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું, ત્યારે પિતાએ જણાવ્યું હતું કે જો મોટી દીકરી ભણવા જાય તો ઘરની જવાબદારી અને કામ કોણ સંભાળે. પિતાના નકારાત્મક અભિગમ અને યુવતીની સુરક્ષાને ધ્યાને રાખીને ટીમે મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, યુવતીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જો તેને જબરદસ્તીથી ઘરે રાખવામાં આવશે તો તે આત્મહત્યા જેવું આત્યંતિક પગલું ભરી શકે છે.

પિતા દીકરીના ભવિષ્ય માટે સમજવા તૈયાર ન થતા, અંતે યુવતીની માનસિક શાંતિ અને સુરક્ષા માટે તેને રાજકોટ સ્થિત 'સખી વન સ્ટોપ સેન્ટર' ખાતે સુરક્ષિત આશ્રય માટે રીફર કરવામાં આવી હતી. સમયસર મદદ મળતા યુવતીએ ૧૮૧ અભયમ્ ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# મુસાફરોને મોટી રાહત રાજકોટ ડિવિઝનની ચાર જોડી ટ્રેનોમાં કાયમી ધોરણે જનરલ કોચ વધારાયા

## ઓખા અને પોરબંદરથી દોડતી લાંબા અંતરની ટ્રેનોમાં વધારાની જગ્યા મળશે, ભીડમાંથી મુક્તિ મળશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા રાજકોટ ડિવિઝનમાંથી કાર્યરત ચાર જોડી મુખ્ય એક્સપ્રેસ ટ્રેનોમાં જનરલ (સામાન્ય શ્રેણી) કોચની સંખ્યામાં કાયમી વધારો કરવાની મંજૂરી આપવામાં આવી છે.

આ નિર્ણયથી ખાસ કરીને અનરિઝર્વ્ડ (સામાન્ય) ટિકિટ પર મુસાફરી કરતા મુસાફરોને વધારાની જગ્યા મળશે અને લાંબા અંતરની મુસાફરી વધુ સરળ બનશે. સુધારેલી કોચ સંરચનાની વિગતો નીચે મુજબ છે

**આ ટ્રેનોમાં કોચ વધશે**

(૧) ઓખા-શાલીમાર-ઓખા એક્સપ્રેસ (૨૨૯૦૫/૨૨૯૦૬) : આ ટ્રેનમાં જનરલ કોચની સંખ્યા ૩ થી વધારીને ૪ કરવામાં આવી છે. આ વ્યવસ્થા ઓખાથી ૨૬ એપ્રિલ ૨૦૨૬ અને શાલીમારથી ૨૮ એપ્રિલ ૨૦૨૬ થી અમલી બનશે.

(૨) પોરબંદર-શાલીમાર-પોરબંદર એક્સપ્રેસ (૧૨૯૦૫/૧૨૯૦૬) : આમાં પણ જનરલ કોચ ૩ થી વધીને ૪ થશે. પોરબંદરથી ૨૯ એપ્રિલ ૨૦૨૬ અને શાલીમારથી ૦૧ મે ૨૦૨૬ થી આ સુવિધા અમલી બનશે.

(૩) પોરબંદર-સિકંદરાબાદ-પોરબંદર એક્સપ્રેસ (૨૦૯૬૮/૨૦૯૬૭) : આ ટ્રેનમાં સામાન્ય શ્રેણીના કોચની સંખ્યા ૩ થી વધારીને ૪ કરવામાં આવી રહી છે. આ ફેરફાર પોરબંદરથી ૨૮ એપ્રિલ ૨૦૨૬ અને સિકંદરાબાદથી ૨૯ એપ્રિલ ૨૦૨૬ થી અમલી બનશે.

(૪) પોરબંદર-સાંતરાગાછી-પોરબંદર એક્સપ્રેસ (૧૨૯૪૯/૧૨૯૫૦) : આ ટ્રેનમાં જનરલ કોચની સંખ્યા ૨ થી સીધી વધારીને ૪ કરવામાં આવી છે. આ સુવિધા પોરબંદરથી ૦૧ મે ૨૦૨૬ અને સાંતરાગાછીથી ૦૩ મે ૨૦૨૬ થી અમલી બનશે.

આ પહેલથી ખાસ કરીને સામાન્ય શ્રેણીમાં મુસાફરી કરતા મુસાફરોને મોટી રાહત મળશે અને મુસાફરી વધુ સુલભ અને આરામદાયક બનશે.

# ગૂગલના સીઈઓ અને આઈસીસી ચેરમેન જય શાહ ટી૨૦ મેચ દરમ્યાન હાજર રહ્યા



આઈસીસી ચેરમેન જય શાહ અને ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ સુપર ૮ મેચમાં હાજર રહ્યા હતા. પિચાઈ મેચ પૂર્વેની કાર્યવાહી દરમિયાન મેદાન પર પણ હાજર રહ્યા હતા. ગૂગલની ફ્લેગશિપ સ્માર્ટફોન બ્રાન્ડ ગૂગલ પિક્સલ આ ટુર્નામેન્ટની અધિકૃત પાર્ટનર છે, જે વૈશ્વિક ટેકનોલોજી લીડર્સ અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ વચ્ચેના સહયોગને વધુ ઉજાગર કરે છે.

# જામનગરના પટ્ટણીવાડ, સુમરાચાલી, ટીટોડીવાડી, ખોજાનાકા વિસ્તારમાં પોલીસ તથા વીજ કંપની દ્વારા ચેકીંગ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં અસામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શખ્સો ને ત્યાં ગઈકાલે પોલીસ અને વીજ કંપની દ્વારા સંયુક્ત રીતે ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પાવર ચોરીના ૮ કેસો મળી આવ્યા હતા.

જામનગરના પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની ની સુચના થી જામનગર શહેર ના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન મુજબ સીટી ' એ ' ડીવી. પો.સ્ટે.ના પો.ઈન્સ..એન.એ.ચાવડા તથા એલ.સી.બી. પો.ઈન્સ. વી.એમ.લગારીયા તથા એસ.ઓ.જી. પો.ઈન્સ બી.એન.ચૌધરી તથા સીટી એ ડીવી. પો.સ્ટે. સર્વેલન્સ સ્કોડ, એલ.સી.બી.,એસ.ઓ.જી.તથા પેરોલ સ્કોડના સ્ટાફ સાથે વીજ કંપની ના ડેપ્યુટી એન્જીનીયર એસ.આર.પરમાર તથા જુનીયર એન્જીનીયર વી.જી.શર્મા તથા એચ.એમ.વડગામા તથા પીજીવીસીએલની ટીમો સાથે પટણીવાડ,સુમરાચાલી, ટીટોડીવાડી,ખોજાનાકા વિસ્તારમાં અસામાજીક ઇસમોની ગેરકાયદેસર પ્રવૃતિ નિયંત્રણમાં રહે અને કાયદો અને વ્યવસ્થા ની સ્થિતી જળવાઈ રહે તે માટે સીટી એ. ડીવી પોલીસ સ્ટેશન વિસ્તારમા ખાસ કોમ્બીંગ ઓપરેશન દરમ્યાન વીજ ચોરી કરતા હોવાનુ જણાયું હતું.જેમાં , રેહાન ઈકબાલ બેલીમ રહે.પટણીવાડ.ના મકાન માં એક્સ્ટ્રા વાયર થી વીજચોરી પકડાયેલ આથી.રૂ.૨૦૬૩૧૩નો દંડ, જુનેદ અબ્દુલ રજાકભાઇ પટણી રહે. પટણીવાડના મકાનમાં પણ એક્સ્ટ્રા વાયર થી વીજચોરી થતી હોવાનું જોવા મળતા રૂ.૨૪૯૪૪૦, હનીફભાઇ ઉમરભાઇ પંજા રહે. પટણીવાડના મકાનમાં ડાયરેકટ લંગર વાયર થી વીજચોરી પકડાયેલ આથી રૂ.૨૫૨૩નો દંડ, શહેનાઝ ફારૂકહુશેન શેખ રહે.પટણીવાડ.ના મકાન માં એક્સ્ટ્રા વાયર થી વીજચોરી પકડાયેલ આથી રૂ.૧૦૩૧૬૮, અખતર હસનભાઇ કોઠારી રહે. પટણીવાડ.ના મકાનમાં ડાયરેકટ લંગર વાયરથી વીજચોરી પકડાયેલ જેથી રૂ.૯૦૧૨૩નો દંડ , અબ્દુલ ગની ઉમરભાઇ બસર રહે. મચ્છીપીઠ વાઘેરવાડો.ના મકાનમાં વીજચોરી પકડાયેલ તેથી રૂ.૨૦,૦૦૦નો દંડ, નુરમામદ હાસમભાઇ ખફી રહે. કિશાન ચોક , એક્સ્ટ્રા વાયર થી વીજચોરી.થતી હોવા નું જોવા મળતા રૂ.૧,૦૦,૦૦૦નો દંડ અને હુસેન ઓસમાણ મુરીમા.રહે. ટીટોડી વાડી.ના મકાન માં ડાયરેકટ લંગર વાયર થી વીજચોરી થતી હોવા નું જણાતા રૂ.૫૦૩૪નો દંડ કરવામાં આવ્યો હતો.આમ ગુનાહિત ઇતિહાસ ધરાવતા શખ્સો ના રહેણાકે ચેકીંગ કાર્યવાહી દરમ્યાન ડાયરેકટ લંગરથી વિજચોરી કરતા-૪ કેસો તથા મીટર હોવા છતા પાવરચોરી કરતા-૪ કેસો કરી,તથા દંડ રૂ.૭,૭૬,૬૦૩ અને વીજ જોડાણ કાપી નાખવામા આવ્યા છે.તેમજ અગાઉ ગુનાહિત પ્રવુતિ ધરાવતા તેમજ વીજચોરી કરતા પકડાયેલ ૧૦ થી વધુ ઇસમોને ત્યા પણ વીજચેકીંગ કાર્યવાહી કરવામા આવેલ હતી. પાંચહાટડી સૈફી હોસ્પીટલ પાસે ના બનાવમા ફરીયાદી ઓસમાણ મુસાભાઇ ખફી ને માર મારવાના ગુનામા સંડોવાયેલ આરોપીઓ, રેહાન ઇકબાલ બેલીમ,સદામ ઉર્ફે ઇંડો શેખ, રઉફ બેલીમ શાહનવાઝ ખીલજી,શાકીર ખીલજી, મહમદ પંજા, અલસમ કાદર શેખ, સદામ હનીફ પંજાને પકડી પાડવા ખાસ કોમ્બીંગ ઓપરેશન હાથ ધરવામા આવ્યુ છે.

# મોરબીમાં ૭૬ બાકીદારોની મિલકતો સીલ, ૩૭૬ના વોરંટ ઈસ્યુ કર્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની મિલકતવેરા શાખાએ વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી ઉઘરાણા માટે કડક કાર્યવાહી હાથ ધરી છે. અત્યાર સુધી ૩૭૬ બાકીદારોના વોરંટ ઈસ્યુ કરી ૭૬ મિલકતો સીલ કરવામાં આવી છે અને ૨ રહેણાંક મિલકતના નળ કનેક્શન કપાયા છે. આ સાથે મનપા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, તા.૩૧ માર્ચ સુધી દર શનિવારે વેરા વસુલાત ચાલુ રહેશે.



મોરબી મહાનગરપાલિકાના હદવિસ્તારમાં બાકી રહેલા મિલકતવેરા વસુલવા મિલકતવેરા શાખા દ્વારા વોરંટ બજવણી અને સીલિંગની કામગીરી હાથ ધરાઈ છે. કુલ ૩૭૬ બાકીદારોને નોટિસ આપવામાં આવી છે. કાર્યવાહી દરમિયાન શહેર વિસ્તારમાંથી અંદાજે રૂ.૨૫.૭૫ કરોડ અને ક્લસ્ટર/ગ્રામ્ય વિસ્તારમાંથી રૂ.૨.૪૫ કરોડની વસુલાત થઈ છે. ૧૮ બાકીદારો દ્વારા રકમ ભરાતા તેમની મિલકતોના સીલ ખોલવામાં આવ્યા છે, જ્યારે હાલ ૫૮ મિલકતો સીલ છે. વેરો ન ભરનાર ૨ રહેણાંક મિલકતના નળ કનેક્શન કપાયા છે. રૂ.૧૦ હજારથી વધુ બાકી ધરાવતા રહેણાંક મિલકતધારકો સામે આગામી સમયમાં નળ અને ડ્રેનેજ કનેક્શન કાપવાની કાર્યવાહી થશે.

આ ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી આ અભિયાન દરમિયાન દર શનિવારે સિલિંગ પ્રક્રિયા યથાવત રહેશે. નાગરિકો મુખ્ય કચેરી, ૧૧ ક્લસ્ટર ઓફિસો, પીઓએસ મશીન તેમજ સત્તાવાર વેબસાઈટ અને મોબાઈલ એપ દ્વારા ઓનલાઈન ટેક્સ ભરપાઈ કરી શકે છે.

# મોરબીના આંદરણા ગામ નજીકથી દારૂના ચપલા સાથે એકની અટકાયત

મોરબી-હળવદ રોડ ઉપર આંદરણા ગામ નજીક ગુરુરામ નામની દુકાન પાસે શંકાસ્પદ હાલતમાં ચાલીને આવતા એક શખ્સને રોકી તેની અંગઝડતી લેવામાં આવી હતી, ત્યારે આરોપી નિતેશભાઈ બાલુભાઈ ગળધરીયા ઉવ.૪૫ રહે.આંદરણા ગામ તા.જી.મોરબી વાળાના પેન્ટના નેફામાં છુપાવી રાખેલ વિદેશી દારૂની ૧૮૦મીલી.ની એક બોટલ કિ.રૂ.૩૦૦/- મળી આવી હતી. આ સાથે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# માળીયામાં શાળા નજીકથી વિદેશી દારૂની ૪ બોટલ સાથે એક પકડાયો

માળીયા(મી) પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન તાલુકા શાળા નજીક રોડ ઉપર શંકાસ્પદ હાલતમાં આવતા આરોપી ધરમભાઈ પ્રભાતભાઈ અવાડીયા ઉવ.૨૪ રહે. અર્જુનનગર તા.માળીયા(મી) વાળાને રોકી તેની પાસે રહેલ થેલીની તલાસી લેતા તેમાથી વિદેશી દારૂની બે અલગ અલગ બ્રાન્ડની ૪ નંગ બોટલ કિ.રૂ.૫,૮૦૦/- મળી આવી હતી. જેથી તુરંત આરોપીની અટક કરી તેની વિરુદ્ધ માળીયા(મી) પોલીસે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ નજીક બોલેરોનું ટાયર ફાટતા અકસ્માત, ચાલકનું સારવાર દરમિયાન મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ-અમદાવાદ હાઈવે પર બોલેરો પીકઅપનું આગળનું ટાયર ફાટતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૩૪ વર્ષીય બોલેરો ચાલકને ગંભીર ઈજાઓ પહોચતા સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. હળવદ પોલીસે બનાવ અંગે મરણ નોંધ કરી છે.

હળવદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી અ.મોતની નોંધની મળતી માહિતી મુજબ ગત તા.૨૦/૦૨ના રોજ સાંજે હળવદ-અમદાવાદ હાઈવે પર હળવદ યાર્ડ નજીક નવજીવન વિકલાંગ આશ્રમ સામે રોડ પર અકસ્માત બન્યો હતો. જેમાં કરશનભાઈ રેવાભાઈ બોળીયા ઉવ.૩૪ રહે. વેળાવદર ગામ તા.વઢવાણ જી.સુરેન્દ્રનગર વાળા પોતાના કબ્જાની બોલેરો રજી.નં. જીજે-૨૭-ટીટી-૪૬૬૩ ચલાવી રહ્યા હતા.

ત્યારે અચાનક ડ્રાઈવર સાઈડનું આગળનું ટાયર ફાટી જતાં વાહનનું બેલેન્સ બગડ્યું હતું અને બોલેરો સામેના ટ્રેક પર આવી ગઈ હતી. તે દરમિયાન અમદાવાદ તરફથી આવતી ટ્રક ટ્રેલર રજી.નં. જીજે-૧૨-બીઝેડ-૬૮૯૯ સાથે અથડામણ થતાં બંને વાહનો ડિવાઈડર ક્રોસ કરી રોડની સાઈડમાં જઈ અથડાયા હતા. જે અકસ્માતમાં ગંભીર ઈજાઓને કારણે કરશનભાઈનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાવ અંગે હળવદ પોલીસે જાહેર કરનાર રામજીભાઈ અમરાભાઈ બોળીયા પાસેથી પ્રાથમિક વિગતો મેળવી અ.મોતની નોંધ કરી છે.

# રાજયમાં ડાયાબીટીસ તેમજ હાઈ બ્લડપ્રેસરના દર્દીઓની સંખ્યામાં વધારો

## હૃદય સંબંધી દવાઓનું વેચાણ વધ્યું : સૌરાષ્ટ્ર બીજા ક્રમે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

કોરોના ઈફેકટ કહો કે પછી ગુજરાતીઓ હવે વધુ આળસુ બન્યા છે. પણ જે રીતે રાજયમાં ડાયાબીટીસ-હાઈ બ્લડપ્રેસર મેદસ્વીતા જેવી સમસ્યાઓ વધી છે તેની સાથે તેના હૃદય વધુને વધુ કમજોર બની ગયા છે.

કાર્ડીયાક-એરેસ્ટ ઓચિંતા જ હૃદય થંભી જવાથી થતા મૃત્યુ પણ વધવા લાગ્યા છે અને તેની સાથે હવે કાર્ડીયોલોજીસ્ટની એપોઈટમેન્ટ પણ વધવા લાગી છે. જેના કારણે હૃદય સંબંધી બિમારીઓમાં સારવાર આપતી દવાઓના વેંચાણમાં પણ વધારો થયો છે.

દવાઓના વેંચાણ પર મોનેટરીંગના ડેટા મુજબ અન્ય કોઈ



રોગ કરતા કાર્ડીયાક-હૃદયરોગ કે તેવી તકલીફ સબંધી દવાઓનું વેચાણ સૌથી વધુ રહ્યું છે અને તે ૧૨ થી ૧૭ ટકાના દરે વૃદ્ધિ પામી રહ્યું છે.રાજયનાં મહાનગરો અમદાવાદ-સુરત-વડોદરા-રાજકોટ જ નહિં પણ સૌરાષ્ટ્રથી લઈને દક્ષિણ ગુજરાત આ સર્વત્ર વેચાયેલી દવાઓના આંકડા છે.જેનુ વેચાણ હવે અમદાવાદમાં રૂા.૬૯૩ કરોડ, સૌરાષ્ટ્રમાં રૂા.૪૭૬ કરોડ, સુરત સહિતના દક્ષિણ ગુજરાતમાં રૂા.૩૧૫ કરોડ અને વડોદરા સહીત મધ્ય ગુજરાતમાં રૂા.૩૨૯ કરોડ નોંધાયા છે.

તેણે હવે ડાયાબીટીસ માટેની દવાઓને પણ વેચાણની દ્રષ્ટિએ પાછળ રાખી દીધી છે. એકંદર ગુજરાતમાં કાર્ડીયાક હૃદય સંબંધી દવાઓનું વેચાણ ૧૩ ટકા જેટલુ વધુ છે જાહેર એકંદર ફાર્મા માર્કેટ ૮.૮ ટકા વધી છે અને છેલ્લા બે વર્ષથી આ ટ્રેન્ડ રહયો છે.

આ ઉપરાંત રાજયમાં યુવા વર્ગમાં ડાયાબીટીસ હાયપરટેન્શન જેવી બિમારી જે લાંબા ગાળે હૃદય સબંધી તકલીફને પણ આમંત્રણ આપે છે તેમાં પણ વધારો થઈ રહ્યો છે. અને તેમાં રાજયના કોઈ ક્ષેત્ર બાકાત નથી.

વાસ્તવમાં આ પ્રકારની દવાઓનું વધેલુ વેંચાણ જો લાઈફ સ્ટાઈલ જે રીતે લોકોના ખાન-પાન-ઉંઘ-શારીરીક શ્રમ વિ.બદલાવ આવ્યો છે તે સુચવે છે લોકોની ખાનપાન તેમાં મોટી ભુમિકા ભજવે છે. તથા વોકીંગ કે તેવી શારીરીક કવાયત પણ ઘટી છે. ખાસ કરીને તનાવ-કામકાજમાં વ્યસ્તતા સ્પર્ધા અને વધુ કમાણીની જે લાલચ છે તે આ તમામ રોગોને આમંત્રણ આપી રહી છે.

# સોના-ચાંદી અને શેરમાં જોરદાર ઉછાળો



## ચાંદી વાયદામાં ૧૫૦૦૦નો ઉછાળો: સોનામાં ૩૭૦૦નો વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકી સુપ્રિમ કોર્ટે ટ્રમ્પના ટેરીફને ગેરકાયદે ઠરાવીને રદ કરી નાખ્યાના પ્રત્યાઘાત હેઠળ આજે શેર-સોના-ચાંદીમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. ભારતમાં ચાંદી વાયદામાં પ્રારંભિક કામકાજમાં ૧૫૦૦૦થી વધુનો ઉછાળો હતો. ભાવ ૨૬૮૮૭૫ થઈને ૨૬૬૭૦૦ સાંપડ્યો હતો. સોનુ ૩૭૦૦ રૂપિયાના ઉછાળાથી ૧૬૦૬૦૦ થઈને ૧૫૯૬૦૦ હતું. વિશ્વબજારમાં સોનુ ૫૧૬૦ ડોલર હતું.બીજી તરફ શેરબજારમાં તેજી થઇ હતી. સેન્સેક્સ પ્રારંભિક કામકાજમાં ૬૭૧ પોઈન્ટના ઉછાળાથી ઉંચામાં ૮૩૪૮૬ થયા બાદ ૮૩૨૮૯ સાંપડ્યો હતો. નીફટી ૧૪૮ પોઈન્ટ વધીને ૨૫૭૨૨ હતો. ટ્રમ્પે ચુકાદા બાદ ફરી ૧૫ ટકાના ગ્લોબલ ટેરિફ લાદતા ખચકાટ હતો.

# નેપાળમાં કાઠમંડુ જઈ રહેલી બસ નદીમાં ખાબકતા ૧૮ લોકોના મોત

**મુખ્ય સમાચાર, કાઠમંડુ**

ધાદિંગ જીલ્લામાં મોખરાથી કાઠમંડુ જઈ રહેલી બસ ત્રિશુલી નદીમાં ખાબકતાં ૧૮ યાત્રીઓના કમકમાટીભર્યા મોત નિપજયા હતા અને ૨૫ થી વધુ લોકો ઘાયલ થયા હતા. નેપાળની સેના પોલીસ અને સ્થાનિક લોકો રાહત કાર્યમાં લાગ્યા હતા.

નેપાળના ધાદિંગ જિલ્લામાં ગઈકાલે મધરાતે અંદાજે ૧:૩૦ વાગ્યે એક ભયાનક બસ અકસ્માત સર્જાયો હતો. પોખરાથી કાઠમંડુ જઈ રહેલી મુસાફરોને લઈ જતી બસ બેનીઘાટ રોરાંગ ગ્રામીણ નગરપાલિકા-૫ પાસે પૃથ્વી હાઈવે પરથી નીચે ઉતરી ગઈ હતી અને અંદાજે ૩૦૦ મીટર નીચે સીધી ત્રિશૂલી નદીમાં ખાબકી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બસ નદી કિનારે પહોંચતા સુધીમાં સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી.

સશસ્ત્ર પોલીસ દળના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૧૮ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે, જેમાં પુરુષો અને મહિલાઓનો સમાવેશ થાય છે. અકસ્માતમાં ૨૪ થી ૨૭ જેટલા લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે, જેમને તાત્કાલિક વિવિધ હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઘાયલોમાં વિદેશી પ્રવાસીઓ અને એક નાની બાળકીનો પણ સમાવેશ થાય છે.

અંધાં અને પહાડી વિસ્તાર હોવા છતાં સુરક્ષા



એજન્સીઓએ રાત્રે જ રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું હતું. ઘટનાસ્થળે નેપાળ પોલીસ, આર્મ્ડ પોલીસ ફોર્સ અને આપત્તિ વ્યવસ્થાપન યુનિટના ડાઈવર્સની ટીમ બચાવ કાર્યમાં લાગેલી છે. જોકે અકસ્માત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ પ્રાથમિક અંદાજ મુજબ વળાંક પર ચાલકે કાબૂ ગુમાવ્યો હોઈ શકે છે.

મૃતકોની ઓળખ કરવાની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. નેપાળમાં પહાડી રસ્તાઓ અને ખરાબ હવામાનને કારણે વારંવાર આવા અકસ્માતો સર્જાતા હોય છે, પરંતુ આ દુર્ઘટનાએ ફરી એકવાર મુસાફરોની સુરક્ષા પર સવાલો ઉભા કર્યા છે.

# ગોળી વાગી હોવા છતાં લોહીલુહાણ હાલતમાં સૈન્યના ડોગે આતંકીઓને દબોચી રાખ્યા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં આતંકવાદીઓ સામે ચાલેલા એક ભીષણ એન્કાઉન્ટરમાં ભારતીય સેનાના જવાનોની સાથે એક અબોલ સાથીએ પણ બહાદુરીનો પરિચય આપ્યો છે. સુરક્ષાબળોના સર્ચ ઓપરેશન દરમિયાન આર્મીના ડોગ સ્ક્વોડના સભ્ય 'ટાયસને' પોતાના જીવની પરવા કર્યા વગર જવાનોની જીવ બચાવ્યો હતો. આ ઓપરેશનમાં સુરક્ષાબળોએ જેશ-એ-મોહમ્મદના ટોપ કમાન્ડર સૈફુલ્લા સહિત ત્રણ આતંકીઓને મોતને ઘાટ ઉતાર્યા છે. આ સફળતામાં ટાયસનનું યોગદાન અત્યંત મહત્ત્વનું માનવામાં આવે છે, કારણ કે તેણે પોતાની ઉપર પહેલી ગોળી ઝીલીને આતંકીઓના લોકેશન શોધવામાં મદદ કરી હતી. કિશ્તવાડના પાસરકુટ વિસ્તારમાં આતંકીઓ છુપાયા હોવાની ગુપ્ત માહિતી મળ્યા બાદ ભારતીય સેના, જમ્મુ કાશ્મીર પોલીસ અને સીઆરપીએફ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

# જમ્મુ સહિત રાજયના મેદાની વિસ્તારોમાં ગરમી વધી

## ખીણમાં મહત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં ૮-૧૨ ડિગ્રી ઉપર

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

જમ્મુ સહિત રાજ્યના મેદાની વિસ્તારોમાં શુષ્ક હવામાને દિવસની ગરમીમાં વધારો કર્યો છે. ખીણમાં મહત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં ૮-૧૨ ડિગ્રી ઉપર છે



જમ્મુ અને અન્ય મેદાની વિસ્તારોમાં સતત શુષ્ક હવામાને દિવસ દરમિયાન ગરમીમાં વધારો કર્યો છે. ખીણના મોટાભાગના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં ૮ થી ૧૨ ડિગ્રી ઉપર છે. આના કારણે સામાન્ય રીતે ઠંડા રહેતા વિસ્તારોમાં તાપમાનમાં તીવ્ર વધારો થયો છે.

શ્રીનગરના હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, ફેબ્રુઆરીના અંત સુધી હવામાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. દરમિયાન, રવિવારે રાજ્યમાં હવામાન સ્વચ્છ રહ્યું. રાજધાની શ્રીનગરમાં દિવસનું તાપમાન સામાન્ય કરતાં ૯.૭ ડિગ્રી વધીને ૨૦.૭, પહેલગામ ૧૭.૫, ગુલમર્ગ ૧૦.૦, જમ્મુ ૨૫.૦ અને કઠુઆ ૨૪.૦ ડિગ્રી સેલ્સિયસ થયું. જોકે, રાત ઠંડી રહી. પહેલગામમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૧.૨ ડિગ્રી સેલ્સિયસ, ગુલમર્ગમાં ૦.૦, શ્રીનગરમાં ૧.૭ અને ભદરવાહમાં ૩.૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યું.

# ગુજરાતના વાતાવરણમાં અચાનક પલ્ટો: હવામાન વિભાગ દ્વારા કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યના વાતાવરણમાં અચાનક પલટો નોંધાયો છે. હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતના વિસ્તારો માટે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને આગામી કલાકોમાં હવામાનમાં ઝડપી ફેરફાર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગે સવારે ૧૧ વાગ્યા સુધી માટે પાંચ જિલ્લાઓમાં નાઉકાસ્ટ જાહેર કર્યું છે. તેમાં સુરત, ભરૂચ, તાપી, નર્મદા અને છોટા ઉદેપુર જિલ્લાઓમાં કમોસમી વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે. કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે છૂટાછવાયા ઝાપટાં પડી શકે છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે યેલો એલર્ટ પણ જાહેર કર્યું



છે. ખેડૂતોને ખાસ સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે, કારણ કે આ અચાનક વરસાદ પાકને અસર કરી શકે છે. ખાસ કરીને કાપણી માટે તૈયાર ઉભા પાકને નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે

અમદાવાદ સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો છે અને પવનની ગતિમાં પણ વધારો થયો છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ પશ્ચિમ દિશાથી આવતી ભેજયુક્ત પવન અને વાતાવરણમાં સર્જાયેલા દબાણના ફેરફારને કારણે આ પરિસ્થિતિ ઊભી થઈ છે. આગામી ૨૪ કલાક સુધી વાતાવરણ અસ્થિર રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

નાગરિકોને અનાવશ્યક મુસાફરી ટાળવા અને વીજળી-ગાજવીજ દરમિયાન ખુલ્લા મેદાનોમાં ન જવાની સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગની તાજી અપડેટ પર નજર રાખવાની પણ અપીલ કરવામાં આવી છે.

# જંગલેશ્વર મેગા ડિમોલીશનમાં પોલીસતંત્રનો જડબેસલાક બંદોબસ્ત

**પોલીસ કમિશનર-જોઈન્ટ પોલીસ કમિશનર, ડીસીપી સહિતના અધિકારીઓનું સતત પેટ્રોલીંગ : કોઠારીયા રોડ મોહનભાઇ હોલ ખાતે કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો : પાંચ ડ્રોન, પાંચ લાઇવ કેમેરાથી નજર**







તસવીર : ગૌરવ લશ્કરી





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જંગલેશ્વરમાં આજ સવારથી મેગા ડિમોલીશનની શરૂઆત થઇ ગઇ હતી. આ કામગીરી વખતે કાયદો વ્યવસ્થા જળવાઇ રહી અને દબાણ હટાવવાની કામગીરીમાં કોઇ ખલેલ ન પહોંચે તે માટે અગાઉથી જ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા અને જોઇન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાએ ફુલપ્રૂફ બંદોબસ્તની વ્યવસ્થા ગોઠવી રાખી હતી. મધરાતથી જ ખુદ પોલીસ કમિશનર, જોઇન્ટ પોલીસ કમિશનર, તમામ, ડીસીપી, તમામ એસીપી જંગલેશ્વરમાં પહોંચી ગયા હતાં. અહિ ૨૫૦૦થી વધુના પોલીસ, એસઆરપી, અર્ધ લશ્કરી દળોનો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. જડબેસલાક બંદોબસ્ત વચ્ચે દબાણો પર બૂલડોઝર ફેરવવાની કામગીરી મનપા તંત્રએ હાથ ધરી હતી. આ કામગીરી પર નજર રાખવા કોઠારીયા રોડ મોહનભાઇ હોલ ખાતે કન્ટ્રોલ રૂમ ઉભો કરાયો હોઇ અહિ પોલીસ અને મનપાના અધિકારીઓએ સીસીટીવી કેમેરા, લાઇવ કેમેરા, ડ્રોનની મદદથી સતત કામગીરી પર નજર રાખી હતી.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ મધરાત, વહેલી પરોઢથી જંગલેશ્વરમાં પડાવ નાંખ્યો હતો. ડીમોલેશન વખતે કોઈ કાંકરીચાળો ન થાય તે માટે સતત સતત સુરપવિઝન કર્યુ હતું. આ સંવેદનશીલ મેગા ડીમોલેશનમાં રાજકોટ શહેર સહિત રાજકોટ ગ્રામ્ય અને અન્ય જિલ્લામાંથી પણ પોલીસ બોલવાઈ હતી. જંગલેશ્વર વિસ્તારમાં જે ડીમોલેટ વિસ્તાર છે તેમ પોલીસના ઘાડે ઘાડા ઉતરી પડયા હતાં. જો કે મોટા ભાગના લોકો આગલા બે દિવસથી જાતે જ પોતાના ઘરોને તોડવા માંડયા હતાં.

બંદોબસત માટે પોલીસ કમિશનર ઝાએ છેલ્લા ત્રણ દિવસમાં અનેક રિવ્યુ મિટિંગ કરી સુરક્ષા વ્યવસ્થા સુનિીત કરી હતી, સાથે સાથે કોર્પોરેશનના અધિકારીઓ સાથે પણ સંકલનમાં રહી એક બાદ એક બેઠકો કરી સુરક્ષામાં કોઈપણ કચાશ ન રહે તેનું ખાસ ધ્યાન રાખ્યું હતું. ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ આ ડિમોલીશનને લઇને શહેરીજનોને આપીલ કરી હતી કે કોઈ પણ પ્રકારના ભય ફેલાય તેવા મેસેજ વાયરલ ન કરવા તેમજ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં મેસેજ પર ધ્યાન ન દેવું. સાયબર ક્રાઇમની ટીમ સતત સોસીયલ મીડિયા પર ૨૪ કલાક ધ્યાન રાખી રહી છે. જે કોઈ પણ લાગણી દુભાઈ તેવા કે ઉશ્કેરણી ફેલાય તેવા મેસેજ સોશિયલ મિડીયા પર વહેતા કરશે તેની સામે તુરત જ કાર્યવાહી કરવામાં આવશે.

ડીસીપી હેતલ પટેલે જણાવ્યું હતું કે આજ સવારથી નક્કી થયેલા સમયે ડિમોલીશન ચાલુ થઇગયું છે. આગલી સાંજે જ અમુક એવા શખ્સો કે જે કામગીરીમાં વિક્ષેપ ઉભો કરી શકે તેવા હતાં તેને રાઉન્ડઅપ કરી લેવાયા હતાં. ઉપરાંત એસીપી ક્રાઈમ ભરત બસીયાની રાહબરીમાં એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા અને ટીમ સતત ડ્રોન મારફત આકાશી સુરક્ષા સંભાળી રહી હતી.. ડિમોલેટ વિસ્તારમાં કોઈ ગેરકાયદેસર સાહિત્ય નજર આવશે તો તુરંત જ કડક કાર્યવાહી કરવા અલગ અલગ ટીમો મેદાને ઉતરી હતી.

કોઠારીયા રોડ મોહનભાઇ હોલ ખાતે ખાસ કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો હતો. જેમાં સીસીટીવી સ્ક્રીન પર ડિમોલીશનની લાઇવ કામગીરીનું પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, મ્યુ. કમિશનર તુષાર સુમેરા, ડે. કમિશનર મહેશ જાની, આસી મેનેજર કૌશિક ઉનાવા સહિતે નિરિક્ષણ કર્યુ હતું. ડિમોલીશન સ્થળે પાંચ ડ્રોન કેમેરા અને પાંચ લાઇવ કેમેરા દ્વારા સતત નજર રાખવામાં આવી રહી હોવાનું ભક્તિનગર પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયાએ જણાવ્યું હતું. તેમણ વધુમાં કહ્યું કે વહેલી સવારે ફરીથી પોલીસ કમિશનર, જોઇન્ટ પોલીસ કમિશનર, ડીસીપી ક્રાઇમ, ડીસીપી ઝોન-૧, જોન-૨ સહિતે વિસ્તારમાં પેટ્રોલીંગ કર્યુ હતું અને બંદોબસ્તમાં રહેલી ટીમોને મહત્વની સુચનાઓ આપી હતી.

## જંગલેશ્વરમાં ૧ કિમી પહેલા રસ્તો બંધ કરી દેવાયો





આજે સવારથી મ્યુ.કોર્પોરેશન દ્વારા જંગલેશ્વરમાં ૧૨૦૦થી વધૂ મકાનો તોડી પાડવા દબાણ હટાવ ઓપરેશન હાથ ધરાયું છે. કોર્પોરેશન તથા પોલીસ તંત્ર દ્વારા ફુલપ્રુફ બંદોબસ્ત સાથે અને અનેક તૈયારી સાથે સવારથી બધુ તોડી પાડવા કાર્યવાહી શરૂ કરાઇ છે, તસ્વીર દેવપરા જતો ૮૦ ફુટનો રોડ છે, જે ઓપરેશન સંદર્ભે ૧ કિમી પહેલા આખો રસ્તો બંધ કરી દેવાયો તે નજરે પડે છે, ત્યાં રહેતા હતા તેને જ જવા દેવાયા હતા.

## મેડીકલની ટીમ ખડેપગે



જંગલેશ્વરમાં ચાલી રહેલ ડીમોલેશન દરમ્યાન કોઇ સ્વાસ્થયને લગતી ઘટના બને તો મેડીકલની ટીમને હાજર રાખવામાં આવી હતી.

## પોલીસ જવાનોની બસની કતાર લાગી



મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નદીપટ્ટમાં અને ટાઉનપ્લાનીંગ રોડ પર ખડકાયેલા ગેરકાયદે દબાણો હટાવવા કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ કાર્યવાહીમાં કોઇ અનિચ્છીય ઘટના ન ઘટે તે અને કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે ૨ હજારથી વધુ પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. આ પોલીસ જવાનોની બસો ઘટનાસ્થળ એટલે જંગલેશ્વર વિસ્તારથી ૩ કિમી. દુર ભકિતનગર સર્કલ પાસે પી એન્ડ ટી શેઠહાઇસ્કુલ પાસે બસોની કતારો જોવા મળી રહી છે.

## જંગલેશ્વરમાં લોકોએ જાતે ૬૦% થી વધુ દબાણ દૂર કરી સામાન ફેરવ્યો

### ડિમોલિશન શાંતિપૂર્વક જ થાય તે માટે ગોઠવાયેલો જડબેસલાક બંદોબસ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં જંગલેશ્વરમાં આજી નદીનો પટ તેમજ ટાઉન પ્લાનિંગના રોડ ઉપર થઈ ગયેલા દબાણ ઉપર આજે સવારથી બુલડોઝર કરવાનું શરૂ થવાનું છે. આ કાર્યવાહી થવાની છે તેના પાંચેક દિવસ પહેલાં જ તંત્ર દ્વારા દબાણકર્તાઓને જાણકારી આપી દેવામાં આવી હોવાથી રવિવાર સુધીમાં ૭૦%થી વધુ લોકોએ જાતે જ ઘર ખાલી કરી નાખ્યું અથવા તો દબાણ તોડી પાડયું હોવાથી તંત્રનું કામ ખૂબ જ હળવું થઈ ગયું હતું. હવે જે દબાણ બાકી રહ્યા છે તેને તોડવા માટે મહાપાલિકા 'સુપર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે સ્થિતિ ન વણસે તે માટે જંગલેશ્વર વિસ્તારને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યુ છે અને અધિકારીઓ સવાર-બપોર-સાંજ અહીં ફૂટ પેટ્રોલિંગ ઉપરાંત ચાંપતો બંદોબસ્ત રાખી રહ્યા હોય ડિમોલિશન એકમ શાંતિપૂર્વક રીતે જ સંપન્ન થશે તેવું હાલ તો સ્થિતિ પરથી લાગી રહ્યું છે. રવિવાર રાત સુધીમાં અંદાજે ૭૦% લોકોએ જગ્યા દબાણમુક્ત કરી દીધી હોવાથી તંત્રએ માત્ર ૩૦થી ૪૦% દબાણો ઉપર જ બુલડોઝર ફેરવવું પડશે.











## રાજસ્થાનના ઉદયપુરથી કીર્તિ પટેલની ધરપકડઃ એક દિવસના રિમાન્ડ મંજૂર


### સાત દિવસમાં ત્રણ ફરિયાદ નોંધાયા બાદ પોલીસની મોટી કાર્યવાહીઃ આરોપી ક્યાં રોકાઈ,કોણે મદદ કરી તે દિશામાં તપાસ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

મહાશિવરાત્રી મેળામાં મૃગીકુંડમાં સાધ્વી વેશમાં શાહી સ્નાન કરનાર કીર્તિ પટેલ વિરુદ્ધ સાત દિવસમાં ૩ ગુના નોંધાયા બાદ આજે જૂનાગઢ પોલીસે રાજસ્થાનના ઉદયપુરથી પોલીસે ધરપકડ કરી લીધી છે. આ ઉપરાંત ખોટા કેસમાં ફસાવી દઈ, ૨૦ લાખની ખંડણી માંગવાના કેસમાં પોલીસે કાર્યવાહી કરી છે. વિવાદિત કીર્તિ પટેલ દ્વારા અફઝલ સીડા નામના વ્યક્તિ પાસે ખંડણી માંગી, મારી નાખવાની ધમકી આપવા બદલ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ કેસમાં પોલીસે તપાસ બાદ મુખ્ય આરોપી તેની રાજસ્થાનના ઉદયપુર ખાતેથી ધરપકડ કરી છે.

આ અંગે જૂનાગઢ ગ્રામ્ય ડી.વાય. એસ.પી. રવિરાજસિંહ પરમારે જણાવ્યું હતું કે, ગત તા. ૨૧ ફેબ્રુઆરીએ કીર્તિ પટેલ અને અન્ય આરોપીઓ વિરુદ્ધ ખંડણી અને ધમકીનો ગુનો દાખલ થયો હતો. છેલ્લા સાત દિવસમાં કીર્તિ પટેલ વિરુદ્ધ આ ત્રીજી ફરિયાદ દાખલ થતાં પોલીસે તરત એક્શન લીધા હતા. હાલમાં આરોપીની ધરપકડ કરી રિમાન્ડની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા કીર્તિ પટેલને કોર્ટમાં રજૂ કરી કોર્ટ સમક્ષ ૫ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ રિમાન્ડ દરમિયાન ગુનો આચર્યા બાદ કીર્તિ પટેલ ક્યાં-ક્યાં રોકાઈ હતી, કોણે તેને આશરો આપ્યો હતો અને આ ગુનામાં અન્ય કયા વ્યક્તિઓ સામેલ છે તેની સઘન પૂછપરછ કરવામાં આવશે. આ ઉપરાંત, માંગવામાં આવેલી ૨૦ લાખની ખંડણીમાંથી ફરિયાદીએ કોઈ રકમ આપી છે કે કેમ તે દિશામાં પણ તપાસ ચલાવવામાં આવશે. આ સમગ્ર પ્રકરણમાં કીર્તિ પટેલ ઉપરાંત અન્ય ચાર જેટલા સહ-આરોપીઓ પણ સંડોવાયેલા છે. હાલ આ તમામ આરોપીઓ પોલીસ પકડથી દૂર છે, જેથી તેઓ ક્યાં છુપાયેલા છે અને તેમની ભૂમિકા શું હતી તે જાણવા માટે પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.





## રેલનગરમાં બંધ મકાનના તાળા તોડી ૧.૬૨ લાખની માલમત્તાની ચોરી

### પરિવાર લગ્ન પ્રસંગમાં અમદાવાદ ગયો અને તસ્કરો કળા કરી જતા નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રેલનગર વિસ્તારમાં આવેલી રાધિકા રેસીડેન્સીમાં ચોરીની ઘટના સામે આવી છે, મકાન માલિક પોતાના પરિવાર સાથે અમદાવાદ લગ્નપ્રસંગમાં ગયા હતા તે દરમિયાન તસ્કરોએ બંધ મકાનના તાળા તોડી રોકડ સહિત ચાંદીના દાગીના મળી ૧.૬૨ લાખના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયાની પોલીસે ફરિયાદ નોંધી હતી.



આ અંગેની મળતી વિગતો મુજબ રાજકોટના પ્ર નગર પોલીસ મથક વિસ્તારમાં આવેલા રેલનગર શેરી નં.૧માં રહેતા અને જી.વી.એલ ઈન્ડસ્ટ્રીજ લિમીટેડમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા અનિલ નાનજીભાઈ મનાણીએ પ્રધુમનનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી હતી.

ફરિયાદ મુજબ, ગત તા.૧૯/૦૨/૨૦૨૬ના રોજ વહેલી સવારે તેઓ સહપરિવાર અમદાવાદ ખાતે પિતરાઈ ભાઈના લગ્નપ્રસંગમાં ગયા હતા, ગઈકાલે સાંજે જ્યારે અનિલભાઈ અમદાવાદથી પરત ફર્યા ત્યારે ઘરના મેઈન ગેટનું તાળું તૂટેલી હાલતમાં જોવા મળ્યું હતું.

જેથી પરિવારે ઘરની અંદર તપાસ કરતા નીચેના રૂમના કબાટના દરવાજા પણ તોડેલા હતા, પરંતુ ત્યાંથી કોઈ વસ્તુ ગાયબ થઈ ન હતી. જોકે, ઉપરના માળે આવેલા બે રૂમના કબાટ અને લોકરના તાળા તોડી તસ્કરોએ રોકડ ૧.૫૦ લાખ ચાંદીના દાગીના સહિત કુલ ૧.૬૨ લાખની માલમત્તા ઉસેડી ગયા હતા. આ મામલે પ્રનગર પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

## વેપારી સાથે રૂ.૩૨ લાખની છેતરપિંડીના કેસમાં આગોતરા જામીન અરજી મંજૂર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટાગોર રોડ પર આવેલી પુનીત કાર એસેસરીઝના માલિક નિમેષ જગજીવનભાઈ રૂઘાણી સાથે થયેલી ૩૨ લાખની છેતરપિંડીના કેસમાં સેશન્સ કોર્ટે ચારેય આરોપીઓના આગોતરા જામીન મંજૂર કર્યા છે. આ કેસની હકિકત મુજબ, ફરિયાદી નિમેષ રૂઘાણીએ એ-ડિવિઝન પોલીસ મથકમાં મહેન્દ્ર વૃંદાવનદાસ મહેતા, હિતેશ મહેતા, નમન મહેતા અને કલ્પક દોષી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપીઓએ રોકાણની લોભામણી સ્કીમો બતાવી ફરિયાદી પાસેથી ૩૨ લાખ પડાવ્યા હતા અને તેમાંથી માત્ર ૩.૫૦ લાખ પરત આપી બાકીની રકમ ઓળવી જઈ વિશ્વાસઘાત કર્યો હતો. ધરપકડથી બચવા તમામ આરોપીઓએ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી આ ચાલવા ઉપર આવતા બંને પક્ષોની દલીલો બાદ અદાલતે નોંધ્યું કે, આ કેસમાં કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની જરૂર જણાતી નથી તેમણે આરોપીઓનો કોઈ ગુનાહિત ભૂતકાળ નથી. આથી, સેશન્સ કોર્ટે તમામ આરોપીઓને જામીન મુક્ત કર્યા હતા આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી સહિતની ટીમ રોકાઈ હતી.



સુરેશ ફળદુ

## માલિયાસણ આઈઓસી પ્લાન્ટ પાસે કારની ઠોકરે પરપ્રાંતીય યુવકનું મોત

### ચા પીને ટ્રક તરફ પરત ફરી રહેલા તમિલનાડુના યુવકને અડફેટે લીધા બાદ કાર ચાલક વાહન મૂકી નાસી છૂટ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માલિયાસણ નજીક આવેલ આઈઓસી પ્લાન્ટ પાસે રવિવારે રાત્રે અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે આવતી કારની ઠોકરે ચડતા તમિલનાડુના ૩૮ વર્ષીય યુવકે સિવિલ હોસ્પિટલમાં સારવારમાં દમ તોડયો હતો. અકસ્માત બાદ કાર ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે જ છોડીને નાસી છૂટયો હતો.





આ અંગેની મળતી વિગત મુજબ, તમિલનાડુના ઉટીનો વતની મણીખંડન (ઉંમર ૩૮) બે દિવસ પહેલા જ સ્ટીલનો જથ્થો ભરીને રાજકોટની એક કંપનીમાં ડિલિવરી આપવા આવ્યો હતો રવિવારે રાત્રે ૮.૩૦ વાગ્યાની આસપાસ તે હાઈવે પર આવેલી ચા-પાણીની દુકાનેથી પરત પોતાની ટ્રક તરફ જવા રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે જીજે ૦૩ પીએ ૨૯૦૦ નંબરની કારે તેને જોરદાર ટક્કર મારતાં યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો.

ઈજાગ્રસ્ત થયેલા મણીખંડનને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા ટૂંકી સારવાર બાદ તેણે હોસ્પિટલના બિછાને દમ તોડી દીધો હતો. બનાવની જાણ થતાં જ કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડી જરૂરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માત સર્જનાર કાર ચાલક પોતાની કાર મૂકીને ભાગી છૂટ્યો હોય જેઠ પોલીસે વાહન નંબરના આધારે ચાલકની શોધખોળ શરૂ કરી છે.